GJBT030012652025

| | | |
|---|---|---|
| કેસ રજુ | તા. ૧૬–૦૪–૨૫ | |
| દાખલ | તા. ૧૬–૦૪–૨૫ | |
| ફેંસલ | તા. ૧૬–૦૪–૨૬ | |
| અવધિઃ– | વર્ષ માસ દિવસ | |
| | ૦૧ ૦૦ ૦૦ | |

# –: ફોર્મ–એ:–

# ગઢડાના મે. એડી. જ્યુડી.મેજી.ફ.ક. સાહેબશ્રીની કોર્ટમાં, તા. ગઢડા, જી. બોટાદ.

**જજમેન્ટ જાહેર કર્યા તા. ૧૬ –૦૪–૨૦૨૬**

**ફોજદારી કેસ નં. ૯૩૦ /૨૫**

**પોલીસ સ્ટેશન :–**ગઢડા પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૧૯૦૦૦૪૨૫૦૧૦૯ /૨૦૨૫

આંક – ૧૮

**ફરીયાદીઃ–** શ્રી સરકાર

**વિરૂધ્ધ**

**આરોપીઓઃ–** અલ્પેશભાઈ વાઘજીભાઈ બોળીયા
ઉ.વ.આ. ૨૩, ધંધો– ખેતી
રહે. કાપરડી ગામ,
તા.ગઢડા, જી.બોટાદ.

---

ફરીયાદપક્ષ તરફે વિદ્વાન એ.પી.પી.શ્રી – સંજયભાઈ આર.પટેલ.
આરોપીઓ તરફે વિદ્વાન ધારાશાસ્ત્રીશ્રી – વી.કે. સોઢાતર

---

## –: ફોર્મ – બી :–

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ | તા.૨૫–૦૧–૨૦૨૫ |
| એફ.આઇ.આર.ની તારીખ | તા.૨૬–૦૧–૨૦૨૫ |

| | |
|---|---|
| ચાર્જશીટ દાખલ થયા તારીખ | તા.૧૬–૦૪–૨૦૨૫ |
| તહોમતનામુ ફરમાવ્યાની તારીખ | તા.૨૪–૦૬–૨૦૨૫ |
| પુરાવો નોંધવાનું શરૂ કર્યાની તારીખ | તા.૩૦–૦૮–૨૦૨૫ |
| હુકમ ઉપર રાખ્યાની તારીખ | તા.૨૩–૦૩–૨૦૨૬ |
| હુકમ જાહેર કર્યાની તારીખ | તા.૧૬–૦૪–૨૦૨૬ |
| સજા અંગેનો હુકમ જાહેર કર્યા તારીખ, જો હોય તો | – |

## –: આરોપીઓની વિગત :–

| | |
|---|---|
| આરોપીનો ક્રમઃ– | ૧ |
| આરોપીનું નામઃ– | અલ્પેશભાઇ વાઘજીભાઇ બોળીયા |
| ધરપકડ કર્યા તારીખઃ– | તા. ૨૯–૦૧–૨૦૨૫ |
| જામીન મુક્ત કર્યા તારીખઃ– | તા. ૨૯–૦૧–૨૦૨૫ |
| કયો ગુનો નોંધાયેલોઃ– | ભારતીય ન્યાય સંહિતાની કલમ –૩૫૨, ૩૫૧(૪) |
| છોડી મુકેલ કે સજા કરેલઃ– | છોડી મુકેલ |
| સજા કર્યાની વિગતોઃ– | – |
| ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૪૨૮ અન્વયે ન્યાયિક કાર્યવાહી દરમ્યાન જેલમાં રહ્યાનો સમયગાળોઃ– | – |

## –: ફોર્મ – સી :–

**ફરિયાદપક્ષ / આરોપીઓ પક્ષે / અદાલત દ્વારા તપાસેલા સાહેદોની યાદી**

**એ –** ફરિયાદપક્ષે તપાસેલ સાહેદોના પુરાવાની યાદીઃ–

| ફરિયાદી તરફે સાહેદ નં. | સાહેદનુ નામ | સાહેદની કામગીરી | આંક |
|---|---|---|---|
| ૧. | ઝાપડીયા મીતેશ છગનભાઇ | ફરીયાદી | ૦૬ |
| ૨. | રાહુલભાઇ રાઘવભાઇ શેફાત્રા | પંચ સાહેદ | ૦૮ |
| ૩. | અક્ષયભાઇ લાખાભાઇ પરમાર | પંચ સાહેદ | ૧૦ |

| | | | |
|---|---|---|---|
| ૪. | યોગેશભાઇ વિઠ્ઠલભાઇ ઝાપડીયા | સાહેદ | ૧૧ |
| ૫. | દીલીપભાઇ ડુંગરભાઇ ડાભી | સાહેદ | ૧૨ |
| ૬. | છગનભાઇ ગણેશભાઇ ઝાપડીયા | સાહેદ | ૧૩ |
| ૭. | દિપકભાઇ રાધુભાઇ માકેસા | ત.ક.અ. | ૧૫ |

**બી –** આરોપી પક્ષે તપાસેલ સાહેદોના પુરાવાની યાદીઃ–

| **સાહેદ નં.** | **સાહેદનુ નામ** | **સાહેદની કામગીરી** |
|---|---|---|
| – | – | – |

**સી –** અદાલતે તપાસેલા સાહેદોના પુરાવાની યાદીઃ–

| **સાહેદ નં.** | **સાહેદનુ નામ** | **સાહેદની કામગીરી** |
|---|---|---|
| – | – | – |

**<u>ફરિયાદપક્ષ/આરોપીપક્ષ/ અદાલતે દસ્તાવેજી પુરાવાઓને આપેલા નંબર</u>**

**એ –** ફરિયાદપક્ષ દ્વારા આપવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓને આંકની યાદીઃ–

| **ક્રમ** | **આંક** | **વિગત** |
|---|---|---|
| ૧. | ફ. આંક–૭/ ફ.સા. ૧ | ફરિયાદ |
| ૨. | ફ. આંક–૯/ ફ.સા.૨ | બનાવવાળી જગ્યાનું પંચનામું |
| ૩. | ફ. આંક–૧૬/ ફ.સા. ૭ | એફ.આઇ.આર. |

**બી –** આરોપીપક્ષ દ્વારા આપવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓને આંકની યાદીઃ–

| **ક્રમ** | **આંક** | **વિગત** |
|---|---|---|
| – | – | – |

**સી –** અદાલતે દ્વારા આપવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓને આંકની યાદીઃ–

| **ક્રમ** | **આંક** | **વિગત** |
|---|---|---|
| – | – | – |

**ડી –** વધારાના આપવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓને આંકની યાદીઃ–

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| – | – | – |

## –: ચુકાદો :–

**૧.)** ફરીયાદપક્ષના કેસની ટુંકમા હકીકત એવી છે કે,

ગઈ તા.૨૫–૦૧–૨૦૨૫ ના રોજ કલાક ૧૩.૫૩ વાગ્યે ગઢડા અન્નપુર્ણા ફાઈનાન્સ ઓફિસ ખાતે, તે એવી રીતે કે આજથી આશરે એકાદ વર્ષ પહેલા આ કામના ફરીયાદી તથા તેમના ગામના વિજયભાઇ હમીરભાઇ બોળીયા તથા સચિનભાઈ હરેશભાઈ લશ્કરી એ રીતેનાઓએ ભાગમાં ડી.જે. લેવા માટે વિજયભાઈ હમીરભાઇ બોળીયાની ખેતીની જમીનમાં રૂપિયા ચાર લાખની લોન માટે એકસીસ બેન્ક પ્રોસેસ કરેલ અને આ વિજયભાઈની જમીન ઉપર ચાર લાખની લોન મંજુર થયેલ હતી પરંતુ, વિજયભાઈ હમીરભાઈ બોળીયાની ખેતીની જમીન ઉપર બોજો હોવાથી નો ડયુ મળેલ નહી જેથી બેન્કમાંથી વિજયભાઈ હમીરભાઈને પૈસા મળેલ નહી અને આશરે છ મહીનાનો સમય વિતતા વિજયભાઈ હમીરભાઈ બોળીયાને ચાર લાખની લોન ઉપર રૂા. ૨૧૦૦૦/– નું વ્યાજ આવેલ જે વ્યાજના ભાગે પડતા રૂા. ૭૦૦૦/– ની ઉઘરાણી આ કામના આરોપી અલ્પેશભાઈ વાઘજીભાઈ બોળીયાએ ફરીયાદીને ફોનમાં ઉઘરાણી કરી ભુંડાબોલી ગાળો આપી, જાનથી મારી નાખવાની ધમકી આપી ગુનો કરેલો. જે અંગેની ફરીયાદ ફરીયાદીએ આરોપીઓ વિરૂધ્ધ નોંધાવેલી.

જે ગઢડા પો.સ્ટે.ના ગુના રજી. નં. ૧૧૧૯૦૦૦૪૨૫૦૧૦૯/૨૦૨૫ થી બી.એન.એસ. કલમ–૩૫૨, ૩૫૧(૪) મુજબનો ગુનો નોંધવામાં આવેલ છે.

ત્યારબાદ આ કામે તપાસ કરનાર અધિકારીએ ગુનાની તપાસ દરમ્યાન જરૂરી પંચનામાઓ તૈયાર કરી, જરૂરી સાહેદોના નિવેદનો નોંધી, તપાસના અંતે આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો જણાઈ આવતાં ચાર્જશીટ દાખલ કરેલું.

**૨.)** સદર ગુનાના કામે ચાર્જશીટ રજુ થતાં આરોપીઓ વિરૂધ્ધ ફરમાવેલ ગુનાના તહોમત અંગે કોગ્નીજન્સ લઈ, આરોપીઓ સામે સમન્સ ઈસ્યુ કરવામાં

આવેલ, જેની ધોરણસરની બજવણી થઇ ગયેલ છે. જે અન્વયે આરોપીઓ તેમના વિદ્ધાન વકીલશ્રી મારફત હાજર થતાં આરોપીઓને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૨૩૦ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો વીનામુલ્યે પુરી પાડવામાં આવેલી.

ત્યારબાદ આરોપીઓ વિરૂધ્ધ **આંક–૦૪** થી તહોમતનામુ ફરમાવી, તે તહોમતનામા સબબ આરોપીઓની **આંક–૦૫ થી** પ્લી નોંધવામાં આવેલી. જેમાં આરોપીઓએ ગુનો કબુલ કરવાનો ઈન્કાર કરી, પોતે ઈન્સાફી કાર્યવાહીનો સામનો કરવા માંગતા હોવાની હકીકત જણાવતાં હાલના કેસની ઈન્સાફી કાર્યવાહી શરૂ કરવામાં આવેલી.

**૩.)** ઉપરોક્ત પુરાવા બાદ વિદ્ધાન એ.પી.પી.શ્રીએ ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયાનું મૌખિક વિનંતીથી જાહેર કરતા ફરીયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ.

ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવાના આધારે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૩૫૧ અન્વયે આરોપીઓનું વિશેષ નિવેદન લેવામાં આવેલ જેમા તેઓએ નિર્દોષ હોય તેમના ઉપર ખોટો કેસ કરેલ હોય નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

**૪.)** ફરીયાદપક્ષ તરફે વિદ્ધાન એ.પી.પી.શ્રીએ ફરીયાદપક્ષની હકીકતો મુજબની મૌખિક દલીલો કરેલી છે, જે ધ્યાને લીધી.

જ્યારે આરોપીઓ તરફે વિદ્ધાન વકીલશ્રી વી.કે. સોઢાતરની મૌખિક દલીલો સાંભળી. તેઓએ તેમની દલીલમાં જણાવેલ છે કે, આરોપીએ ફરિયાદીને ફોનમાં ઉઘરાણી કરી ગાળો આપેલ નથી કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ નથી. આમ, હાલના આરોપીઓને આ કામે કોઇ ગુનો આચરેલ નથી જેથી આરોપીઓને આ કામમાં તકસીરવાન ઠરાવી શકાય નહી અને તેઓને નિર્દોષ છોડી મુકવા દલીલ કરેલ છે.

**૫.)** ઉપરોકત ફરીયાદ, હકીકતો અને રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લેતાં મારા નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–: મુદ્દાઓ :–**

**૧.** શું ફરીયાદપક્ષ નિઃશંકપણે સાબિત કરે છે કે, ગઇ તા.

૨૫–૦૧–૨૦૨૫ ના રોજ કલાક ૧૩.૫૩ વાગ્યે ગઢડા અન્નપુર્ણા ફાઈનાન્સ ઓફિસ ખાતે, તે એવી રીતે કે આજથી આશરે એકાદ વર્ષ પહેલા આ કામના ફરીયાદી તથા તેમના ગામના વિજયભાઇ હમીરભાઇ બોળીયા તથા સચિનભાઇ હરેશભાઇ લશ્કરી એ રીતેનાઓએ ભાગમાં ડી.જે. લેવા માટે વિજયભાઇ હમીરભાઇ બોળીયાની ખેતીની જમીનમાં રૂપિયા ચાર લાખની લોન માટે એકસીસ બેન્ક પ્રોસેસ કરેલ અને આ વિજયભાઇની જમીન ઉપર ચાર લાખની લોન મંજુર થયેલ હતી પરંતુ, વિજયભાઇ હમીરભાઇ બોળીયાની ખેતીની જમીન ઉપર બોજો હોવાથી નો ડયુ મળેલ નહી જેથી બેન્કમાંથી વિજયભાઇ હમીરભાઇને પૈસા મળેલ નહી અને આશરે છ મહીનાનો સમય વિતતા વિજયભાઇ હમીરભાઇ બોળીયાને ચાર લાખની લોન ઉપર રૂા. ૨૧૦૦૦/– નું વ્યાજ આવેલ જે વ્યાજના ભાગે પડતા રૂા. ૭૦૦૦/– ની ઉઘરાણી આ કામના આરોપી અલ્પેશભાઇ વાઘજીભાઇ બોળીયાએ ફરીયાદીને ફોનમાં ઉઘરાણી કરી ભુંડાબોલી ગાળો આપી, જાનથી મારી નાખવાની ધમકી આપી બી.એન.એસ. કલમ–૩૫૨, ૩૫૧(૪) મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલો છે?

**૨.** શું હુકમ?

ઉપરોક્ત મુદ્દા પરત્વેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

**૧.** નકારમાં.

**૨.** આખરી હુકમ મુજબ.

**–: કારણો :–**

**ફરીયાદીનો પુરાવોઃ–**

**૬.)** ફરીયાદપક્ષે આ કામે **સાહેદ નં. ૧ ઝાપડીયા મીતેશ છગનભાઇને આંક–૦૬ થી** તપાસેલા છે. જેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ તા. ૨૬/૧/૨૦૨૫ના રોજ બનેલો. બનાવ વખતે હું ગઢડા ખાતે આવેલ ફાયનાન્સની ઓફિસે હતો ત્યારે અલ્પેશભાઈ વાઘજીભાઈ બોળીયાનો ફોન આવેલ અને મારી પાસે પૈસાની માંગણી કરેલ જેથી, મે કહેલ કે મારે શેના પૈસા આપવાના

રહે છે. તેથી તેઓએ રૂા. ૭૦૦૦/- આપવાનું જણાવતા અમોએ ના પાડતા તેઓએ મને ધમકી આપેલી. આ બનાવનું કારણ એવુ છે કે, બનાવથી આશરે એકાદ વર્ષ પહેલા અમો તથા અમારા ગામના વીજયભાઈ હમીરભાઈ બોળીયા તથા સચીનભાઈ હરેશભાઈ લશ્કરી એ રીતેના ભાગમાં ડી.જે. લેવા માટે વીજયભાઈની ખેતીની જમીન પર એકસીસ બેન્કમાં ચાર લાખની લોનની પ્રોસેસ કરાવેલ જે પ્રોસેસ વીજયભાઈની ખેતીની જમીન પર બોજો હોવાને કારણે નો-ડ્યુ મળેલ નહી અને જેથી વીજયભાઈને પૈસા મળેલ નહી. આ પૈસા પર વ્યાજ પેટે એકવીસ હજાર થતા હોય વ્યાજના ભાગે આવતા સાત હજારની ઉઘરાણી વીજયભાઈ હમીરભાઈના ભાઈ અલ્પેશભાઈ વાઘજીભાઈએ મારી પાસે સાત હજારની માંગણી કરેલ અને ફોન પર ધમકી આપેલ. તે બાબતે મે પો.સ્ટે.માં આરોપી સામે ફરીયાદ આપેલી. જે ફરીયાદ મને બતાવવામાં આવે છે જેમાં મારી સહી છે જે આ કામે આંક-૭ થી રજુ થયેલ છે.

ફરીયાદી આરોપીને અદાલત રુબરુ ઓળખી બતાવે છે.

બચાવપક્ષે ફરીયાદીએ પોતાની ઉલટ તપાસમાં જણાવેલ છે કે, મે મારા ફોનની કોઈ હીસ્ટરી રજુ કરેલ નથી. ફરીયાદ બપોર પછી આપેલ. પોલીસે ફરીયાદ લખાવ્યા બાદ વંચાવેલ. એકસીસ બેન્કમાં પ્રોસેસ કરેલ લોનના કોઈ કાગળો પોલીસને આપેલ નહી.

**<u>પંચ સાહેદનો પુરાવો :-</u>**

**૭.)** ફરીયાદપક્ષે આ કામે પંચ સાહેદ નં. ૨ રાહુલભાઈ રાઘવભાઈ શેફાત્રાને આંક-૮ થી તથા પંચ સાહેદ નં. ૩ અક્ષયભાઈ લાખાભાઈ પરમારને આં ક-૧૦ થી તપાસેલા છે. જેઓ આંક-૯ થી રજુ થયેલ આરોપીની અટક કર્યા અંગેના પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવે છે. આ સિવાય બીજુ કંઈ તેઓ જાણતા નથી. સદરહું પંચ સાહેદોએ તેમની ઉલટ તપાસમાં તૈયાર પંચનામામાં સહી કરી હોવાનુ જણાવેલ છે.

**<u>સાહેદના પુરાવો :-</u>**

૮.) ફરીયાદ પક્ષે આ કામે સાહેદ નં. ૪ યોગેશભાઈ વિઠૃલભાઈ ઝાપડીયાને આંક–૧૧ થી, સાહેદ નં. ૫ દીલીપભાઈ ડુંગરભાઈ ડાભીને આંક–૧૨થી, સાહેદ નં. ૬ છગનભાઈ ગણેશભાઈ ઝાપડીયાને આંક–૧૩ થી સોગંદ ઉપર તપાસેલ છે તેઓનો પુરાવો એક સરખો જણાઈ આવતો હોય પુનરાવર્તન ટાળવાના હેતુસર એક સાથે મુલ્યાંકન કરવામાં આવે છે. સદરહું સાહેદોએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ ગયા વર્ષે બનેલો અને બનાવના દિવસે મીતેશભાઈએ ફોન કરીને જણાવેલ કે, '' હું ગઢડા ખાતે આવેલ ફાયનાન્સની ઓફિસે હતો ત્યારે અલ્પેશભાઈ વાઘજીભાઈ બોળીયાનો ફોન આવેલ અને મારી પાસે પૈસાની માંગણી કરેલ જેથી, મે કહેલ કે મારે શેના પૈસા આપવાના રહે છે. તેથી તેઓએ રૂા. ૭૦૦૦/– આપવાનું જણાવતા અમોએ ના પાડતા તેઓએ મને ધમકી અને ગાળો આપેલી. બનાવ સંબંધે મીતેશભાઈએ ગઢડા પો.સ્ટે.માં ફરીયાદ આપેલી.

સદર સાહેદોની આરોપીપક્ષે ઉલટ તપાસ લેવામાં આવેલ છે તેમાં તેઓએ જણાવેલ છે કે, બનાવની અંગત માહીતી નથી. આરોપીઓ સાથેના મીતેશભાઈના પૈસા બાબતના વ્યવહારની જાત માહીતી નથી.

<u>ત.ક.અ.નો પુરાવો :–</u>

૯.) ફરીયાદ પક્ષે આ કામે સાહેદ નં. ૭ દિપકભાઈ રાઘુભાઈ માકેસાને આંક–૧૫ થી તપાસેલા છે. જેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓએ પોતાની સરતપાસમાં જણાવેલ છે કે, હું તા. ૨૫/૦૧/૨૦૨૫ના રોજ ગઢડા ખાતે તેઓ હે.કો. તરીકે ફરજ બજાવતો હતો ત્યારે ફરીયાદી મીતેશભાઈ છગનભાઈ ઝાપડીયાનાઓએ આ કામના આરોપી વિરુધ્ધ બી.એન.એસ. કલમ ૩૫૨ વિ. મુજબની ફરીયાદ આપેલી. જે ફરીયાદ આ કામે આંક–૦૭ થી રજુ થયેલ છે. ફરીયાદના આધારે ગઢડા પો.સ્ટે. ખાતે ગુ. ર.નં. ૦૧૦૯/૨૫થી બી.એન.એસ. કલમ –૩૫૨ વિ. મુજબનો ગુનો રજીસ્ટર થયેલો જેની એફ.આઈ.આર.ની મને બતાવતા તે જોઈને જણાવુ છે કે, જેમા પી.એસ.ઓ. તરીકે બી.જે. ગઢવીની સહી છે જે આ

કામે આંક–૧૬ થી રજુ થયેલ છે. આ કામની આગળની તપાસ અમોને સોંપી આપતા તપાસ સંભાળી સૌપ્રથમ આરોપીના અટકની કામગીરી કરેલ ચાર્જશીટમાં જણાવેલ સાહેદ નં. ૨ થી૬ ના નિવેદન તેમના લખાવ્યા મુજબ લખી લીધેલા તેમજ આરોપીના મોબાઈલ નં.૭૦૪૬૧૫૩૫૦૧ ની સી.ડી.આર.મેળવેલ અને આરોપી સામે પુરતો પુરાવો હોય નામ. કોર્ટમાં ચાર્જશીટ કરેલુ.

સદરહું સાહેદ આરોપીને જોયેથી ઓળખી શકે છે.

આરોપીપક્ષે સદરહું સાહેદની ઉલટ તપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે, અમને જે તપાસનો હુકમ સોંપવામાં આવેલો તેનો ઉલ્લેખ એફ.આઈ.આર.માં છે. પરંતુ, અલગથી કોઈ હુકમ આ સાથે રજુ કરેલ નથી. હાલના કામે ફકત ફરીયાદીના કુટુંબીઓના નિવેદનો લીધેલા છે. સી.ડી.આર. કયાંથી મેળવેલ તેની કોઈ માહીતી ચાર્જશીટ સાથે દર્શાવેલ નથી.

**૧૦.)** હાલના કામે **ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩** ની નીચે મુજબની જોગવાઈઓ ધ્યાને લેવી જરૂરી જણાઈ આવે છે.

**કલમ–૩૫૨** મુજબનો ગુનો સુલેહનો ભંગ કરવા ઉશ્કેરવા માટે ઈરાદાપુર્વક અપમાન કરવાને લગતો છે. જે શિક્ષાપાત્ર ગુનાને સાબિત કરવા ફરીયાદપક્ષે નીચે મુજબની બાબતો સાબિત કરવી જરૂરી છે.

૧. આરોપીઓએ ઈરાદાપુર્વક કોઈનું અપમાન કર્યું.

૨. તેમ કરી આરોપીઓ તેને ઉશ્કેરવા માંગતો હતો.

૩. આરોપીઓ જાણતો હતો કે તેમ થવાથી તે વ્યકિત જાહેર સુલેહ ભંગ કરશે અથવા ગુનો કરી બેસશે.

**કલમ–૩૫૧(૪)** મુજબનો ગુનો ગુનાહીત ધમકીને લગતો છે. જે શિક્ષાપાત્ર ગુનાને સાબિત કરવા ફરીયાદપક્ષે નીચે મુજબની બાબતો સાબિત કરવી જરૂરી છે.

૧. આરોપીઓએ ફરીયાદીની ધમકી આપેલી.

૨. તે ધમકી નનામા પત્રથી અથવા ધમકી આપનારનું નામઠામ છપાવીને આપેલી.

૩. આવી ગુનાહીત ધમકી તેણે સાવચેતી રાખીને આપેલી હતી.

જેથી આ તમામ સાહેદોની જુબાની ધ્યાને લઈએ તો બી.એન.એસ. કલમ–૩૫૨, ૩૫૧(૪) બાબતે ફરીયાદપક્ષે રજુ થયેલ તમામ સાહેદોની જુબાનીઓ તેમજ નિવેદનો ધ્યાને લઈએ તો, ફરીયાદપક્ષ આ કામના આરોપીએ ફરીયાદીને ફોન ઉપર ગાળો આપેલ હોય કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય તે નિઃશંકપણે પુરવાર કરી શકેલ નથી અને તેના સમર્થનમાં નામદાર ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો **એ.બી.વાટલીયા વિ. ગુજરાત રાજ્ય [જી.એલ.આર. ૨૦૧૧(૩) ૨૫૫૭]** ને માનસહ વંચાણે લેતાં તેના પેરા ૮ માં ઠરાવેલ છે કે,

> The complaint dated 28-1-2003 appears to be vague and no specific allegations are made which can show that the ingredient of Sec. 504 of I.P.C. are attracted qua accused No. 4 for issuance of process. In order to appreciate whether the language used by the petitioner would amount to an insult of the type as would invoke provocation of the nature mentioned above, it was necessary to know that what were the abusive words alleged to have been used by the petitioner. In the instant case, no such abusive words are mentioned or specified in the complaint. Therefore, it cannot be said that the language used by the petitioner would amount to an insult of the type as would invoke provocation of the nature stated above.

તેમજ આરોપીઓ પક્ષે આધાર રાખેલ નામદાર ગુજરાત હાઈકોર્ટનો અન્ય ચુકાદો **૨૦૦૭(૧) જી.એલ.એચ. ૩૩૭, પ્રવિણભાઈ બેચરભાઈ વણકર વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત**ના ચુકાદામાં પણ નામદાર કોર્ટે ઠરાવેલ છે કે,

> Actual Words use by accused not coming on record. Unless they come on record, it is not possible to hold that the offence is committed. The insult as envisaged in S.504 must not only be intentional but also there by must give provocation to person insulted to break public peace or to commit any other offence.

આ કામે ફરીયાદપક્ષે રજુ કરેલ સમગ્ર પુરાવો ધ્યાને લેતાં, તો આ કામના આરોપીએ તેમને ગાળો બોલેલ હોય તે હકીકત રેકર્ડ પર જણાઈ આવતું નથી.

તેથી આ કામે બી.એન.એસ. કલમ–૩૫૨ આરોપી સામે પુરવાર થતી નથી. આ કામે ફરીયાદપક્ષે રજુ કરેલ સમગ્ર પુરાવો વંચાણે લેતાં, આ કામના આરોપીએ ફરીયાદીને ફોન ઉપર જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય અને તેના કારણે ફરીયાદી ભયમાં રહેતા હોય અને પોતાનું સ્થળ છોડી જવાની ફરજ પડેલ હોય તેવી કોઇ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. જેથી આરોપીઓ વિરૂધ્ધ ઇ.પી.કો. કલમ–૩૫૧(૪) મુજબની હકીકત પુરવાર થતી નથી.

**૧૧.)** આમ, ફરીયાદપક્ષે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો, કેસનું રેકર્ડ પ્રોસીડીંગ્સ, પક્ષકારોના વિદ્ધાન વકીલશ્રીઓની દલીલો વગેરે લક્ષમાં લેતાં, આ કામના ફરીયાદીએ પોતાની કોર્ટ રુબરુની જુબાનીમાં આરોપીએ પોતાના કયા મોબાઇલ નંબર ઉપરથી ફરીયાદીને ગાળો આપેલ કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ તેવુ જણાવેલ નથી. ફરીયાદીએ પોતાના કયા મોબાઇલ નંબર ઉપર આરોપીનો ફોન આવેલ તેવુ પણ જણાવેલ નથી. બનાવ તા. ૨૫/૧/૨૦૨૫ના રોજ બપોરના કલાક ૧૩–૫૩ વાગે બનેલ અને બનાવની ફરીયાદ તા. ૨૬/૧/૨૦૨૫ના રોજ આપેલી છે. તેમજ ત.ક.અ. અમલદાર ધ્વારા ફરીયાદીના સંબંધીઓના જ નિવેદન લીધેલા હોવાનુ કબુલ રાખે છે. કોઇ સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલા નથી. પંચ સાહેદો પંચનામામાં ફકત સહી કરેલી તે સિવાય કશું જાણતા ન હોવાનો પુરાવો આપેલ છે.

આમ, ઉપર ચર્ચા કરી તે અનુસાર ફરીયાદીના પુરાવાથી આરોપીઓ વિરૂધ્ધની કંઇ પણ હકીકતો ફલીત થતી ન હોય તેમજ ફરીયાદીના પુરાવામાં આરોપીઓ વિરૂધ્ધની કંઇ પણ હકીકતો જણાવતાં ન હોય તેમજ ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થનકારી પુરાવો આપતાં નથી તેવા સંજોગોમાં ફરીયાદપક્ષ આરોપીઓ સામેનો કેસ સાબિત કરવામાં સફળ રહેલ નથી. ત્યારે દસ્તાવેજી પુરાવાના આધારે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી.

**૧૨.)** આ સંજોગોમાં જ્યારે ફરીયાદપક્ષના પુરાવામાં આરોપીને તકસીરવાન ઠરાવી શકાય તેટલો મજબુત પુરાવો મળી આવેલો ન હોય અને આરોપી સામે આક્ષેપાયેલ ગુનાનું તહોમત પુરવાર થઇ શકે તેમ ન હોય, ત્યારે ફરીયાદપક્ષ આરોપી સામે આક્ષેપવામાં આવેલ તહોમત પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ નિવડેલ હોય, તેમજ ફરીયાદપક્ષે પોતાનો કેસ નિઃશંકપણે પુરવાર કરવો જોઇએ, જે તેણે આ કામે

પુરવાર કરેલો ન હોય મુદ્દા નં. ૧ નો નિર્ણય નકારમાં આપી મુદ્દા નં. ૨ પરત્વે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-: હુકમ :-**

**૧.)** આ કામના આરોપીઓ અલ્પેશભાઇ વાઘજીભાઇ બોળીયાનાઓને ગઢડા પોલીસ સ્ટેશનના ગુના રજીસ્ટ્રેશન નં. ૧૧૧૯૦૦૦૪૨૫૦૧૦૯/૨૦૨૫ થી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૨૭૧(૧) અન્વયે બી.એન.એસ. કલમ- ૩૫૨, ૩૫૧(૪) મુજબના ગુનાના કામના શિક્ષાપાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી, છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.)** દરેક આરોપીના ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૪૮૧ અન્વયે જામીન અપીલ સમય સુધી ચાલુ રાખવા અને અપીલ સમય પુરો થયા બાદ તેને રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**૩.)** આ કામે મુદ્દામાલ મોબાઇલ અંગે કરવામાં આવેલ વચગાળાનો હુકમ આથી કાયમ કરવામાં આવે અને તેમાં દર્શાવેલ શરતો રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા.૧૬ મી એપ્રિલ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરીને જાહેર કર્યો.

તા.૧૬-૦૪-૨૦૨૬.
મુ. ગઢડા.

(રવિન્દ્રકુમાર)
એડી. જ્યુડી. મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ,
તા. ગઢડા, જી. બોટાદ.
(જી.જે. ૦૦૧૭૧૩)

**HSP**